PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
# કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ડિસેમ્બર : ૨૦૨૩, અંક નં. ૧૩૨/૪૯૮

## ‘દિવ્યાંગને રોજગારના રસ્તે દોડતી રાખશે આ ઈ-બાઈક’

### એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ માત્ર કૌશલ્ય જ નહીં કાળજી અને હૂંફ સાથે રહે છે હંમેશા દિવ્યાંગોની સાથે...




પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 December - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. નવરાત્રિ મહોત્સવ-૨૦૨૩



ધારાસભ્યશ્રી સેજલબેન પંડયા તથા શ્રી રાજીવભાઈ પંડયાની પ્રેરક ઉપસ્થિતિ



દાતાશ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા ઈનામ વિતરણ



ગરબે ઘુમતા બધિર બાળકો



ગરબે ઘુમતા બધિર બાળકો



માં જગદંબાની આરતી



મહાનુભાવોની ઉપસ્થિતિ

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરા મૂંગા શાળા તસ્વીર સમાચાર............૦૨
- INDEX................................૦૩
- CONTENTS AT A GLANCE ......૦૪
- 'દિવ્યાંગને રોજગારના રસ્તે દોડતી રાખશે આ ઈ-બાઈક'....................................૦૫
- સાઈન લેંગ્વેજ ની એક વધુ કમાલ...............૦૫
- દિવ્યાંગ બાળકોના પરિવારની દિવાળી સુધારતું PNR સોસાયટી અને અજમેરા પરિવાર........૦૬
- દિવ્યાંગોએ માણી નવરાત્રિની રમઝટ...........૦૬
- નાણાંકીય સમીક્ષા મિટીંગ.....................૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા..............૦૬
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ......૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૦૯
- પી.એન.આર. હોસ્પિટલ .....................૧૧
- મોતિયા માટેની ઉપલબ્ધ સારવાર .............૧૧
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર....૧૨
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ).........................૧૩
- નવદુર્ગાનો નાદ શ્રવણમંદોની સાથે ............૧૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા.......૧૪
- બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય ............૧૪
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય ..૧૫
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ..૧૫
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ .......૧૫
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા.........૧૮
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન..........૧૯
- યુવક સંમેલન મુંબઈ - લાઈબ્રેરી ..............૨૦
- બધિરોની માતૃભાષા - સાઈન લેંગ્વેજ..........૨૧
- ડોનેશન લિસ્ટ.............................૨૨
- PNR તસ્વીર સમાચાર.....................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ૩ ડિસેમ્બર - વિશ્વ દિવ્યાંગ દિવસ

વૈશ્વિક સંસ્થા યુનો દ્વારા ૩ ડિસે. ૧૯૯૨થી આ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. જેથી દર વર્ષે દિવ્યાંગોના ગૌરવ અને કલ્યાણ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે, વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારે ઉજવણી કરવામાં આવે છે.

આજે દુનિયાની વસ્તીના ૧૫% એટલે કે ૧૦૦ કરોડ જેટલા લોકો વિવિધ પ્રકારની વિકલાંગતાથી પીડાય રહ્યાં છે. જેમાં ૧૦ કરોડ તો ફક્ત બાળકો છે. ભારત સરકારે ૨૧ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ કરી **ડિસેબિલિટી એક્ટ-૨૦૧૬** પસાર કર્યા પછી આ ક્ષેત્રમાં ઘણું કાર્ય થયું છે તથા બાકી પણ ઘણું છે.

પી.એન.આર. અને આપણી સંલગ્નિત સંસ્થાઓની વાત કરીએ તો ૧૯૫૪થી ભાવનગર શહેર-જિલ્લામાં શ્રી બાબાભાઈ અને તેમના સહકાર્યકર્તાઓએ વિવિધ વિકલાંગતાઓ માટે, વિવિધ સંસ્થાઓના નિર્માણ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનનું કાર્ય શરુ કર્યું હતું જે આજે પણ વિકસી રહ્યું છે, જેમાં દાતાશ્રીઓ, કાર્યકર્તાઓ અને સરકારશ્રીના ખૂબ સુંદર સહયોગથી અનેક દિવ્યાંગોના જીવનમાં પ્રકાશ રેલાયો છે.

વિકલાંગતા વિહીન સમાજ માટેના આપણા વિઝનને સફળ બનાવવા માટે આપણે એક મિશન તરીકે વિવિધ કાર્યો કરી રહ્યાં છીએ ત્યારે, પોલિયો રસીકરણ અને રૂબેલા રસીકરણની સફળતાથી અસંખ્ય વિકલાંગો જન્મતાજ બંધ થયા છે, તેની નોંધ લઈએ. સાથે જ માતાના ગર્ભમાંના બાળકની સોનોગ્રાફી તપાસ, હોસ્પિટલમાં ડિલેવરી, દવાઓ અને પૌષ્ટિક આહાર વિગેરેથી બાળ વિકલાંગતાના દરને આપણે નિયંત્રિત કરી શકયા છીએ, છતાં દિવ્યાંગોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે તે ચિંતનીય છે.

આજના દિવસે, અસંખ્ય માતા-પિતાઓએ પોતાના દિવ્યાંગ બાળકોને દેવતુલ્ય સમજી, તેમના ઉછેર-શિક્ષણ વગેરે માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કર્યું છે, તેવા વાલીઓને પણ આપણે સલામ કરીએ છીએ. **કિરીટ રાઠોડ**

**અન્ય માટે પ્રકાશનું સર્જન કરતા જ તમે પણ પ્રકાશિત થઈ જાવ છો.**

**- મેરી એની રેડકોચર**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૨/૪૯૮**
  **૧૫ ડિસેમ્બર- ૨૦૨૩**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org


- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોમ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



### ◈ NATARAJ C. P. SCHOOL ON THE MOVE

Nataraj Cerebral Palsy School, steering 5 Resource Centers executing prestigious global grant project, “Early Intervention and Remedial Centers for Children with Neurological Disorders”, in Bhavnagar and Talukas, has been busy in Term Evaluation, Half-yearly Parents Meeting, Clean Campaign, D.S.E. (M.D.), Celebration of Mental Health Day, etc. An article by Divyaben Patoriya, faculty of D.S.E. (M.D.) on Mental Health Day proved very informative.

### ◈ KLID'S ACTIVITIES OF ITS THREE ARMS

Parents / Guardians Meeting on the Primary School, Tests of Indian Civilization knowledge and General knowledge in the Secondary School and its arm Artificial Limb Center's supply of 180 appliances to 142 beneficiaries and Teachers' Training College's contribution as a source of Resource Persons for academic activities out of stations of K. L. Institute for the Deaf (KLID) kept it in high esteem.

### ◈ ANKUR SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN

Annual meeting of parents, elevation of Shri Vinubhai Hakani as President, inclusion of Shri Parasbhai Shah as Trustee, wards of school excelling in sports and National Builder Award to one of the teachers, Dr. Bhavana Andharia, etc. brought the school in the lime light. Bhanuwadi Vocational Training Cener and Training College continued its activities.

### ◈ Other Activities

E-bike of AT&T Technology Institute to keep the disabled moving; Diwali gifts of noble Ajmera family to the families of the disabled; Local Project meeting; Vocational activities, Mega Assessment Camp, visit of Autism School, Allround activities of Disha cum Vikas Project; PNR Hospital's services to 3965 patients; Blindness Prevention and Plastic Surgeries of Pravinchandra Dalal Disability Prevention Center; K. N. Shah High Tech Inclusive School's extra curricular activities and important encouraging news are furnished in this issue.

## વિકલાંગ માટે આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ (AI)

“આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ એક એવુ ટૂલ છે કે જે સામાન્ય અને વિકલાંગને સશકત બનાવવા ઉપયોગી છે”, શ્રી નંદીતા ગુપ્તાએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (અમદાવાદ આવૃત્તિ) માં રસપ્રદ લેખ લખીને વિકલાંગોને સશકત બનાવવા પ્રવૃત્તિ કરનાર સરકાર તથા NGOs ને સરસ સંદેશ આપેલ છે.

WHO ના અહેવાલ પ્રમાણે હાલ દુનિયામાં ૧.૩ અબજ વિકલાંગો છે. સૌ કોઈ, કોઈક ઉંમરે વિકલાંગતાનો-જન્મજાત કે અકસ્માતથી શિકાર બને છે. આપણે જાણીએ છીએ કે AI ટૂલ, જેવા કે Chat-GPT ચેટ જીપીટી, ઉપયોગી સાબિત થયા છે.

હાલ જરૂર છે AI ના એવા મોડેલ વિકાસ કરવાનો કે જેમાં માનવતા એક પ્રકારના અનુભવોને સાંકળવામાં આવે. એવુ દર્શાવાયું છે કે ૫૬% વિકલાંગો માટે બનાવેલ AI પ્રોડકટસમાંથી ઉપયોગી બની છે. કોમ્પ્યુટર નિષ્ણાતો પાસેથી આશા રખાઈ રહી છે કે તેઓ જુદી-જુદી વિકલાંગતાની મુશ્કેલીઓ સમજીને AI ટૂલ બનાવે. શ્રી નંદીતાજી જણાવે છે કે, “Born AI ઓટિઝમ વિકલાંગતા ધરાવતા વ્યકિતઓને ઉપયોગી સાબિત થઈ છે.”

શ્રી નંદીતાજીએ “આઈ વીલ કેર” કે જે પ્રથમ મેન્ટલ હેલ્થ સ્ટાર્ટસ છે, તેનો ખાસ ઉલ્લેખ કરીને જણાવેલ કે તેઓ AI આધારિત કોગ્નિટીવ બિહોવરલ થેરાપી (સી.બી.ટી.) અંગ્રજી અને હિન્દીમાં બનાવીને ઉપયોગમાં લાવનાર છે. **(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**

# 'દિવ્યાંગને રોજગારના રસ્તે દોડતી રાખશે આ ઈ-બાઈક'



સુકેતુ શાહ

## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ માત્ર કૌશલ્ય જ નહીં, કાળજી અને હૂંફ સાથે રહે છે હંમેશા દિવ્યાંગોની સાથે...

દિવ્યાંગને કૌશલ્ય મળે અને સાથે એ પાછી આર્થિક ઉપાર્જનનો પણ પૂરો અવસર મળે તે માટે ભાવનગરનું એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ કાર્યરત છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર ક્ષેત્રમાં પોતાની ક્ષમતા અને યોગ્યતા મુજબ કોર્સ પસંદગી કરી નિપૂણતા મેળવે તે માટે પી.એન.આર. સોસાયટી સંચાલિત આ સેન્ટર દસકાઓથી કાર્યરત છે અને અનેક દિવ્યાંગો અહીં તાલીમ મેળવી સરકારી, અર્ધ સરકારી, કોર્પોરેટ ઓફિસીસમાં કામ મેળવવામાં સફળ રહ્યાં છે. તો અનેક પોતાના વ્યવસાય શરૂ કરી સ્વરોજગાર સાથે આત્મનિર્ભર પણ બન્યા છે. મહત્વની વાત એ છે કે આ સેન્ટર કૌશલ્ય તો આપે જ છે સાથે દિવ્યાંગને કારકિર્દીના માર્ગે દોડતા કરવા સુધીનો ટેકો અને હૂંફ પણ પૂરી પાડે છે.

ભાવનગરના આનંદનગર વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય ડાંભલિયા પ્રકાશભાઈ ૭૫ ટકા અસ્થિવિષયક વિકલાંગતા ધરાવે છે. આ સંજોગોમાં શારીરિક મુશ્કેલી હોય જ ત્યારે પરિવાર માટે કમાતા થવું તે તો એક સ્વપ્ન જ બની રહેતું હોય છે, પરંતુ પ્રકાશભાઈની મહેનત અને એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટની કાળજી રંગ લાવી છે. પ્રકાશભાઈ સ્નાતક થયા અને તે પછી ૨૦૧૯ માં આ એ.ટી. એન્ડ ટી. ઈન્સ્ટિટયુટમાં કોમ્પ્યુટર કોર્સમાં જોડાયા. કોર્સ સફળતાપૂર્વક પૂરો કર્યા બાદ તેમણે આધાર કાર્ડ ઓપરેટર માટેની પરીક્ષા શ્રેષ્ઠ ગુણાંક સાથે પાસ કરી. તેની યોગ્યતાને કારણે ખાનગી બેંકમાં આધાર કાર્ડ ઓપરેટરનું કામ પણ મળી ગયું. આ ઉપરાંત રજાના દિવસોમાં સરકારની વિવિધ યોજના અંગે ઓનલાઈન નોંધણીનું કામ પણ તે કરવા લાગ્યા અને સ્વરોજગાર મેળવવા લાગ્યા.

સામાન્ય રીતે સુખદ લાગણી સાથે અહીં વાત પૂરી થતી હોય તેવું લાગે, પરંતુ એવું ન હતું. દિવ્યાંગ હોવાને કારણે કામના સ્થળે જવામાં શહેરના વિવિધ વિસ્તારોમાં ઓનલાઈન નોંધણીનું કામ કરવામાં મુશ્કેલી રહેતી. પરિવારના સભ્ય તેમને તેડવા-મૂકવા જાય ત્યારે આ શકય બનતું. આ વિડંબણાને કારણે ૩૨ વર્ષે આ યુવાનને નોકરી અને કામ જતું કરવું પડયું હતું.

પોતાની આ વ્યથા સેન્ટરના સિનિયર એક્ઝિકયુટિવ શ્રી સુકેતુભાઈ શાહને જણાવી. સેન્ટરની ગોઠવાયેલી આર્થિક વ્યવસ્થામાં આવી કોઈ જોગવાઈ ન હતી, પરંતુ કેતુભાઈએ ધરપત આપી અને કહ્યું 'ચિંતા ના કર, કંઈક કરીશું.'

તેમણે દાતા પરિવારો સુધી આ વાતને પહોંચાડી અને ઉમદા હેતુ માટેના આ કાર્યનો ઉમદા પ્રતિસાદ પણ મળ્યો. દાતાશ્રી વાસુભારતી ઝવેરી ટ્રસ્ટ, મુંબઈએ યોગ્ય રકમ મોકલાવી અને તેમાં લાભાર્થી શ્રી પ્રકાશભાઈએ ખૂટતી રકમ ઉમેરી અને તેમાંથી પાંચ સભ્યોના આ ડાંભલિયા પરિવારના આ કમાતા યુવાનને કામ સુધી પહોંચાડતી ઈ-બાઈક મળી. કૌશલ્ય તો હતું જ, પરંતુ શારીરિક મર્યાદા અડચણરૂપ બનતી હતી, તે ઈ-બાઈક દ્વારા દૂર થઈ અને એક પરિવારને, એક દિવ્યાંગને આપબળે આગળ વધવાનો અવસર પ્રાપ્ત થયો. પ્રકાશભાઈ ડાંભલિયાને આ ઈ-બાઈક પી.એન.આર. સોસાયટીના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, સિનીયર એક્ઝિકયુટિવ શ્રી સુકેતુભાઈ શાહ તથા શ્રી મેહુલભાઈ બુધેલિયા સહિનાના હસ્તે આપવામાં આવી. આ માત્ર ઈ-બાઈક આપવાનો ઉપક્રમ ન હતો પરંતુ વિકલાંગતાના કારણે ચાલી પણ ન શકતા દિવ્યાંગને કારકિર્દીના માર્ગે દોડતા કરવાનો પણ ઉપક્રમ હતો.

## સાંકેતિક ભાષા (સાઈન લેંગ્વેજ) ની એક વધુ કમાલ : સરકારે ૨૬૦ નવી સાંકેતિક ટર્મ અથવા સંકેતો ઉમેરી

ભારતીય સાંકેતિક ભાષાનો ડીકશન હાલ ૧૦,૦૦૦ સાંકેતિક ટર્મ્સ છે. ભારત સરકારના એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટી કે જે સોસ્યલ જસ્ટિઝ એન્ડ એમ્પાવરમેન્ટ મંત્રાલયની નીચે કાર્યરત છે. તેનું લક્ષ્ય ૩૦,૦૦૦ સાંકેતિક ટર્મ્સ ઉમેરવાનું છે.

આ બાબતની વિગત જણાવતા ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે, "ઈન્ટરનેશનલ ડે ફોર સાઈન લેંગ્વેજ ઉજવવાના ભાગરૂપે બધિરોને ઉપયોગી એવી, ખાસ કરીને નાણાંકિય વ્યવહારની સવલતો માટે કાર્ય હાથ ધરેલ અને આજે વધારાની ૨૬૦ સાંકેતો ટર્મ્સથી કામ કરતા બધિરો, તેમજ તેમની સાથી કર્મચારીઓ માટે ઉપયોગી થશે.

હાલ યુનિક ઓળખ પત્ર ધરાવતા આઠ લાખ અને તેત્રીશ હજાર બધિર/હીયરીંગ ઈમ્પેર્ડ લોકો છે. "જેમની નાણાંકીય સવલત માટે આ સાંકેતો ખૂબજ ઉપયોગી થશે."

**(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**

## દિવ્યાંગ બાળકોના પરિવારની દિવાળી સુધારતું PNR સોસાયટી અને અજમેરા પરિવાર

સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, બહુવિધ દિવ્યાંગ બાળકો તથા તેના પરિવાર માટે, તેમજ આવા બાળકોના સેવકોની આવક સીમિત હોય છે. આવા અત્યંત ગરીબ પરિવારોને દિવાળી ટાણે પર્વ આનંદમય થાય તે હેતુથી, અન્નદાન યોજના હેઠળ ભાવનગર, શિહોર, પાલિતાણા, મહુવા, તળાજા રિસોર્સ સેન્ટરના ૮૮ લાભાર્થીઓને અનાજ તથા જીવન જરૂરિયાતની વસ્તુઓની કીટ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શ્રી ગોકુલભાઈ શાહ અન્નદાન યોજના હેઠળ, (શ્રી ધનવંતરાય કે. અજમેરા) ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને પરિવાર દ્વારા PNR સોસાયટી, ભાવનગરને આ ઉમદા હેતુ માટે રૂા. ૨૫ લાખનું કોર્પસ ફંડ પ્રાપ્ત થયું છે અને તે અંતર્ગત વર્ષ દરમ્યાન ત્રણેક વખત આ રીતે સમયાંતરે અનાજ-કરિયાણાની ઉપયોગી કીટ આપવામાં આવે છે. આજરોજ ભાવનગરના લાભાર્થીઓને PNR ના ટ્રસ્ટીશ્રીઓ અને કાર્યકર્તાઓના હસ્તે કીટ વિતરણ કરવામાં આવ્યું હતું

## દિવ્યાંગોએ માણી નવરાત્રિની રમઝટ
## શારીરિક, માનસિક દિવ્યાંગતાને ભૂલી બાળકો મૂકત મને ઝૂમ્યા

દિવ્ય અને ભવ્ય પર્વ નવરાત્રિ માત્ર સામાન્યજન માટેજ નથી, દિવ્યાંગો માટે પણ આ પર્વ અનેરું છે. સી.પી., ઓટિઝમ, સહિતના દિવ્યાંગ બાળકો માટે કામ કરતી PNR સોસાયટી પ્રતિ વર્ષ નવરાત્રિ ફિએસ્ટાનું આયોજન કરે છે. અને આ વર્ષે પણ તા. ૧૯ ને ગુરુવારે નવરાત્રિ મહોત્સવ યોજાયો. લેક વ્યુ ગાર્ડન ખાતે સાંજે ૫ થી ૮:૩૦ આયોજિત આ ફિએસ્ટામાં ૨૦૦ જેટલા દિવ્યાંગો, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ૧૫૦ બાળકો તથા વાલીઓ મળી ૪૫૦ થી વધુએ રાસ ગરબાની મજા માણી અને રમઝટ બોલાવી હતી.

આ કાર્યક્રમ શ્રીમતી હર્ષાબેન સંઘવી અને શ્રી હરેશભાઈ દોશીના સૌજન્યથી થયેલ. કાર્યક્રમમાં મહાનુભાવો સર્વશ્રી દુલારી નરેશભાઈ પટેલ, ડૉ. વિમલભાઈ રામાણી, શ્રી રવિભાઈ જોધવાણી, હંસાબેન ફતનાણી, કિશોરભાઈ વેગડ, ડૉ. કેયુરભાઈ મહેતા, પલ્લવીબેન ગાંધી (રાજકોટ), મુરારી મંડપ સર્વિસ તથા સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન, મહામંત્રી શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી અને માનદ મંત્રી શ્રી મહેશભાઈ પાઠક, કે.એલ. બહેરાં-મૂંગા શાળાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજેશભાઈ હકાણી, શ્રી લોઢાવાળા હોસ્પિટલના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા તથા આમંત્રિત મહેમાનો, નિર્ણાયક તરીકે શ્રી અમુલભાઈ પરમાર, શ્રી રાજેશ્રીબેન પરમાર, શ્રી કિર્તીદેવસિંહ ગોહિલ, શ્રી ડૉ. કવિતાબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. સરસ વેશભૂષા, શ્રેષ્ઠ ખેલૈયા, આરતી સુશોભન સહિતના વિજેતાઓને ૮૫થી વધુ ઈનામો આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે અલ્પાહાર આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં બાળકોની કાળજી માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ભાવનગરે વિનામૂલ્યે સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જીજ્ઞેશભાઈ પારેખ, શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી લાલજીભાઈ પંડયા, શ્રી જીજ્ઞાબેન સોલંકી અને તેમની ટીમે જહેમત લીધી હતી.

## નાણાંકીય સમીક્ષા મિટીંગ



✍ એચ.પી. રાખશિયા

તા. ૧૩-૧૦ ના રોજ પી.એન.આર. સોસાયટીના તા. ૧-૪-૨૩ થી તા. ૩૦-૯-૨૩ સુધીના અર્ધ વાર્ષિક સમય દરમ્યાન થયેલ આવક-જાવક, હિસાબોની નાણાંકીય સમીક્ષા મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટીંગમાં દરેક વિભાગીય વડાઓ સાથે, તેમના વિભાગમાં છ માસ દરમ્યાન થયેલ આવક તથા ખર્ચની વિગતવાર ચર્ચા, સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહની હાજરીમાં કરવામાં આવી હતી. મિટીંગ દરમ્યાન ખર્ચ અંગે જરૂરી સૂચના/માર્ગદર્શન આપવામાં આવેલ. પી.એન.આર. સોસાયટીમાં જુદા-જુદા ૩૫ પ્રોજેકટ ચાલે છે. બધાજ વિભાગોની છ માસની કુલ આવક રૂા. ૩૭૩. ૭૫ લાખની અને કુલ ખર્ચ રૂા. ૩૫૬.૨૫ લાખનો થયેલ છે. છ માસના અંતે રૂા. ૧૭.૪૭ લાખની પૂરાંત થયેલ છે. આ છ માસમાં જાળવેલ આર્થિક શિસ્તની અન્ય ટ્રસ્ટીશ્રીઓએ પ્રશંસા કરી હતી.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

**સત્રાંત મૂલ્યાંકન :**

તા.૨૬ ઓકટોબરથી શાળામાં પ્રથમ સત્રાંત મૂલ્યાંકનનું આયોજન કરવામાં આવ્યું. માનદમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડનાં માર્ગદર્શન અને સુપરવિઝનમાં શાળાના ૧ થી ૮ ધોરણનાં કુલ ૭૦થી વધુ બાળકોએ પોતાની ક્ષમતાથી ઉપર ઊઠી, સફળતાપૂર્વક વર્ષનાં પ્રથમ સત્રનું મુલ્યાંકન પૂર્ણ કરી, દિવાળી ઉજવવાની હોંશ સાથે નવા વર્ષનાં આવકાર માટે પોતાનાં પરિવારજનો સાથે દિવાળી વેકેશન માણવાની તૈયારી કરી.

**અર્ધવાર્ષિક વાલી મીટિંગ :**



તા.૭ નવેમ્બરનાં રોજ અર્ધવાર્ષિક વાલીમીટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આગામી સત્ર આયોજન, કલા મહાકુંભ, ખેલ મહાકુંભ, કીટ વિતરણ, પરિણામની જાહેરાત, સમાજસુરક્ષા ખાતા તરફથી મળતા વાહન સહાયના ફોર્મ વિતરણ સાથે, દિવાળી ઉજવણી અંતર્ગત બાળકોને ફટાકડાનું વિતરણ કરી, નવા વર્ષની મંગલમય શુભકામના શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા આપવામાં આવી. સાથે તા.૯ નવેમ્બરથી દિવાળી વેકેશનની જાહેરાત કરી, મીટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**સ્વચ્છ ભારત અભિયાન ૨૦૨૩ :**

પી.એન.આર.સોસાયટી, નટરાજ કોલેજ ખાતે 'સ્વચ્છ ભારત અભિયાન ૨૦૨૩' અંતર્ગત તા. ૧૬ સપ્ટેમ્બર થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ પખવાડિયામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવેલ. આ અભિયાનમાં સી.પી. સ્કૂલના શિક્ષકો, સંસ્થાનો સ્ટાફ વર્ગ, હાઈટેક સ્કૂલના શિક્ષકો તથા ડી.એસ.ઇ.(એમ.ડી.)ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તથા તેમના કૉ-ઓર્ડિનેટર દ્વારા તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ભાવનગર શહેરના વિરાણી સર્કલ ખાતે સાફ-સફાઈ કરવામાં આવેલ. સંસ્થાના દરેક સભ્યએ સ્વૈચ્છિક રીતે Online Portalમા રજીસ્ટ્રેશન કરાવીને સરકાર દ્વારા ઉજવવામાં આવેલ સ્વચ્છતા અભિયાનમાં કામગીરી કરેલ.

**સી.બી.આર. રિપોર્ટ :**

તા.૬ ઓકટોબરનાં રોજ સી.બી.આર. પ્રોજેકટ અન્વયે, પી.એન.આર. સોસાયટી સંચાલિત આર.સી.આઈ., ન્યુ દિલ્હી માન્યતા પ્રાપ્ત કોર્સ ડી.એસ.ઇ.(એમ.ડી.)ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ શ્રી દિવ્યાબેન પટોરિયા (સાયકોલોજીસ્ટ),શ્રી અજીતભાઈ વિશ્વકર્મા તથા સ્ટાફ મિત્રોએ ભાવનગરના ફુલસર ગામની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ અને વાલીઓને, દિવ્યાંગ બાળકો વિશેની માહિતી આપીને ડી.એસ.ઇ.(એમ.ડી.)કોર્સ વિશેની માહિતી આપી હતી.સી.બી.આર. વિઝીટનો ૨૦૦થી વધારે લોકોએ લાભ લીધો. આયોજન અને સંકલન શ્રી દિવ્યાબેન પટોરિયા દ્વારા કરવામાં આવ્યો હતો.



**વિશ્વ માનસિક સ્વાસ્થ દિવસની ઉજવણી :**



પી.એન.આર.સોસાયટી નટરાજ કોલેજ ખાતે તા. ૧૦ ઓકટોબરના રોજ 'World Mental Health Day 2023', સાયકોલોજીસ્ટ દિવ્યાબેન પટોરિયાના માર્ગદર્શન અને સંચાલન હેઠળ કોલેજ ઓડિટોરિયમ ખાતે વાલીઓ તથા ડી.એસ.ઇ.(એમ.ડી.)ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ઉજવવામાં આવેલ. જેમાં સાયકોલોજીસ્ટ દિવ્યાબેન પટોરિયા દ્વારા Mental Health વિશે જાણકારી

આપવામાં આવી. વીડિયો દ્વારા ઉપસ્થિત દરેક વ્યક્તિને રોજીંદા જીવનમાં તણાવમુક્ત કેવી રીતે રહી શકાય તે અંગે સૂચનો આપવામાં આવેલ. ડી.એસ.ઈ.(એમ.ડી.)ના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ માનસિક બિમારીઓ વિશે જાણકારી આપવામાં આવી.

**સ્નેહ ભેટ :**


તા.૨૮ ઓક્ટોબરનાં રોજ સ્વ. ગોકળદાસ મોદીની પુણ્ય સ્મૃતિમાં, મીનાક્ષીબેન પ્રદીપભાઈ ભટ્ટના ભાઈ તરફથી, સી.પી.સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને યુનિફોર્મનાં એક જોડ મોજાનું વિતરણ કરવામાં આવેલ હતું. કુલ ૬૦ જોડ મોજાનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાનાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહયાં હતાં.

Ÿ તા.૪ નવેમ્બરનાં રોજ સી.પી. સ્કૂલમાં સમતોલ આહાર અને પોષણ યુક્ત આહારનાં મહત્વનાં ભાગ રૂપે, સલાડ **ડિશ ડેકોરેશન**ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



**નવરાત્રિ ફિએસ્ટા :**



સ્કૂલમાં તા. ૧૯- ૧૦ ના રોજ **નવરાત્રિ ફિએસ્ટા** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા ધો. ૫ થી ૧૨ ના તમામ બાળકો તથા શિક્ષક મિત્રો ટ્રેડિશનલ પરિધાનમાં હાજર રહ્યાં હતાં. તેમાં ધો. ૫ થી ૮ અને ધો. ૯ થી ૧૨ એમ બે વિભાગ પાડવામાં આવ્યાં હતાં. જેથી તમામ બાળકો સરળતાથી રમી શકે. આ વિભાગ પ્રમાણે જે બાળકો સારા ગરબા રમતા હોય તથા ટ્રેડિશનલ ડ્રેશ અને આરતી ડેકોરેશન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારને એકથી ત્રણ નંબર આપવામાં આવ્યાં હતાં. આ તમામ બાળકો તથા શિક્ષક મિત્રો ખૂબ જ ઉત્સાહથી રમ્યાં હતાં. મુખ્ય મહેમાનશ્રીના હસ્તે બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમને અંત તરફ લઈ જતા મહેમાનશ્રીઓએ માતાજીની આરતી કરી હતી. અંતમાં બાળકો તથા વાલીઓએ નાસ્તો કરી, આ કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

**રમતોત્સવ :**

સ્કૂલમાં તા. ૬-૧૧ ના રોજ શાળાના વિશાળ પટાંગણમાં **રમતોત્સવ**ની ઉજવણી સંપન્ન થઈ. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર



ભાગ લીધો હતો. આ રમતોત્સવ ઓલમ્પિક પધ્ધતિને અનુરુપ આયોજિત કરવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક ભાઈઓ-બહેનોના માર્ગદર્શનથી ખેલાડીઓની ખેલદિલી પરખાય એ તો અવર્ણનીય છે. આચાર્યશ્રી, શિક્ષકો તથા શાળા પરિવારનો ઉત્સાહ અને સૌનો સંપૂર્ણ સહકાર તથા બાળકોનો જુસ્સો તો યાદગાર રહેશે. આ રમતોત્સવમાં લીંબુ ચમચી, સંગીત-ખુરશી, સ્લો સાયકલિંગ, કોથળા દોડ,ફૂટબોલ અને ક્રિકેટ જેવી રમતો રમાડવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા ૧ થી ૩ નંબરો પણ આપવામાં આવ્યાં હતાં.

**દિવાળી કાર્ડ અને કોડિયા મેકિંગ સ્પર્ધા :**



સ્કૂલમાં તા. ૭-૧૧ ના રોજ દિવાળી પર્વ અંતર્ગત **દિવાળી કાર્ડ**

**અને કોડિયા મેકિંગ સ્પર્ધા** નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થી દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ દિવાળી કાર્ડ બનાવેલ, તેમજ વિવિધ કળા તેમજ રંગોની ભાત દ્વારા દિવડાને શણગારીને પોતાની કળાને રજૂ કરી હતી. દરેક વિદ્યાર્થીઓ વિવિધ કલર, રંગીન કાગળ તેમજ ડેકોરેશનની વસ્તુઓ દ્વારા પોતાની આવડત અને કૌશલ્ય મુજબ તેમાં અવનવા કાર્ડ અને કલાત્મક દિવડા ડેકોરેશન કર્યા હતાં. વિદ્યાર્થીઓ સાથે તેમના શિક્ષકોએ પણ માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. તેમજ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનારને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

**જૂનિયર રેડક્રોસ અંતર્ગત ઘરમાં રહેલી બિનઉપયોગી વસ્તુનું એકત્રિકરણ કરી જરૂરિયાતમંદોને પહોંચાડવાનું કાર્ય :**

સ્કૂલમાં તા. ૭-૧૧ ના રોજ જૂનિયર રેડક્રોસ અંતર્ગત ઘરમાં રહેલા બિનઉપયોગી કપડાં, રમકડાં, ચપ્પલ વગેરે ગરીબોને ઉપયોગી બને તે માટે, દિવ્યાંગ બાળકો સહિતના વિદ્યાર્થીઓ દ્વારા એકત્ર કરી, રેડક્રોસ સોસાયટીને પહોંચાડયું હતું. હાલ દિવાળીના સમયે દરેક ઘરોમાં સફાઈ અને મરામતનું કામ થાય છે. તેમજ બિનઉપયોગી વસ્તુઓનો નિકાલ પણ થાય છે. હાલમાં સતત વધતી મોંઘવારીમાં તહેવારના ખર્ચા માટે જરૂરિયાતમંદ માટે દિવાળીને ઉત્સવમાં ફેરવવા માટે સૌના સંયુકત પ્રયાસથી ઘરમાં રહેલા સારા અને ડેમેજ ન હોય તેવા વસ્ત્ર, રમકડાં, દવાઓ એકત્ર કરીને માનવતાની સેવામાં અને જરૂરિયાતમંદની દિવાળીને આનંદિત બનાવવા એક નાનો પ્રયાસ કર્યો હતો. આપણો એક પ્રયાસ જરૂરિયાતમંદના ઘરે દિવાળીમાં ઉજાસ ફેલાય તે હેતુથી આ પ્રવૃત્તિ દ્વારા સેવા કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રવૃત્તિનું આયોજન જૂનિયર રેડક્રોસના કાઉન્સેલર તેમજ સ્કૂલના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**રંગોળી સ્પર્ધા :**

સ્કૂલમાં તા. ૮-૧૧ ના રોજ **રંગોળી સ્પર્ધા** યોજવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓ રંબેરંગી ચિરોડી લાવીને પોતાની સર્જન શક્તિની મદદથી સુંદર-સુંદર આકૃતિમાં રંગપૂરણી કરી રંગોળી બનાવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રંગોળીના માધ્યમથી સમાજને યોગ્ય સંદેશો મળી રહે તેવી રંગોળી જેમ કે, બેટી પઢાવો, પાણી બચાવો, પર્યાવરણ જાગૃતિ જેવી રંગોળી બનાવવામાં આવી હતી. આ ઉપરાંત આપણા જીવનમાં પણ રંગોનું કેટલું મહત્વ છે એ બાબત જાણકારી આપી, વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર આપી તેમણે ઈનામ આપી પ્રોત્સાહન પૂરું પડાયું હતું. બાળકોએ આનંદ અને ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.


આ તમામ કાર્યક્રમો આચાર્યશ્રી હિતેનભાઈ પંડયાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૧૩/૧૦ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

૧) તા. ૨૧/૦૯ ની લોકલ પ્રોજેકટ કમિટીની મિટીંગની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

૨) નટરાજ સી.પી. સ્કૂલ અંતર્ગત તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ નવરાત્રી નિમીત્તે રાસ-ગરબા રમવાનું આયોજનમાં ભાગ લેવા બાળકો અને વાલીઓને જાણ કરવા બાબત.

૩) નટરાજ સી.પી. સ્કૂલ અંતર્ગત નવરાત્રીની ઉજવણીમાં આરતી ડિશ, ટ્રેડિશનલ ડ્રેસ તથા રાસ-ગરબા હરીફાઈમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ ભાગ લેવા બાબત.

૪) ડિસેમ્બર મહિનામાં યોજાનાર જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં વિદ્યાર્થીઓએ ભાગ લેવા બાબત.

**વોકેશનલ એક્ટિવિટી :**

દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે, તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જુલાઈ માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં **બંગડી અને ઉન વડે ટોડલિયા** બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું. બાળકોને સાથે રાખીને વસ્તુઓનું વેચાણ કમ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

**મેગા અસેસમેન્ટ કેમ્પ :**

તા.૧૪ અને તા.૧૫/૧૦ દરમ્યાન **મેગા અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૬ વિદ્યાર્થીઓ સહિત કુલ ૮૦ લાભાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં પ્રોજેકટના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

**દિવ્યાંગ બાળકોને સ્નેહ ભેટ અર્પણ :**

દિશા કમ વિકાસ પ્રોજેક્ટ તથા પ્રોજેકટના કે.એન.શાહ હાઈટેક સ્કૂલમાં ભણતા દિવ્યાંગ બાળકોને સ્વ. ભાનુમતીબેન હર્ષદભાઈ શાહ અને સ્વ. અમર હર્ષદભાઈ શાહ (ત્રાપજવાળા, હાલ મુંબઈ)ના આત્મશ્રેયાર્થે કેવિનભાઈ શાહ અને પરિવાર દ્વારા શર્ટપીસ-કુર્તાનું કાપડ સ્નેહ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

**ઓટિઝમ સ્કૂલોની મુલાકાત :**




PNR સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવનાર ઓટિઝમ સ્કૂલની પ્રાથમિક મહિતી માટે તા. ૦૨/૧૧ તથા તા. ૦૩/૧૧ ના રોજ, અન્ય ઓટિઝમ બાળકો સાથે કામ કરતી સંસ્થા 'એકશન ફોર ઓટિઝમ' સ્કૂલ જે જસોલા વિહાર, ન્યુ દિલ્હી ખાતે આવેલ છે, તેની વિઝીટ શ્રી પારસભાઈ શાહ અને ડો. અમીત મિત્રા દ્વારા કરવામાં આવી હતી. જે સંસ્થા વોકેશનલ ટ્રેનિંગ યુનિટ, પેરેન્ટસ ટ્રેનિંગ સેન્ટર, એમ્પલોયમેન્ટ મીડયેટર સેન્ટર જેવી સુવિધાઓ ઓટિઝમ ધરાવતા બાળકો માટે પૂરી પાડે છે. 'એકશન ફોર ઓટિઝમ' સંસ્થા દ્વારા વાલી ટ્રેનિગ પ્રોગ્રામ અને પ્રોફેશનલ માટે ટ્રેનિંગ પ્રોગ્રામ જૂદા-જૂદા સમયગાળા માટે પૂરો પાડવમાં આવે છે. સંસ્થાના ડાયરેકટર શ્રી મેરી બરૂઆને, આપણી સંસ્થા વિશે માહિતી આપી હતી. સંસ્થાના ડાયરેકટર શ્રી મેરી બરૂઆ તથા તમન્ના સ્કૂલના ડાયરેકટર શ્રી રીતુબેન જૂનેજા દ્વારા, પી.એન.આર. સંસ્થાને નવી ઓટિઝમ સ્કૂલ ડેવલપ કરવામાં મદદ કરવાની બાહેંધરી આપવામાં આવી હતી. આ બંને સ્કૂલની વિશિષ્ટતા નીચે મુજબની હતી.

**અ) વર્ગખંડની વિશિષ્ટતાઓ :**

૧) દરેક વર્ગખંડ બાળકોની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં અવેલ છે.

૨) દરેક બાળકને તેમનું આગલા દિવસનું શેડયુલ જણાવી દેવામાં આવે છે.

૩) દરેક ખંડમાં માત્ર ૫ થી ૬ વિદ્યાર્થીઓ અને મુખ્ય શિક્ષકની સાથે એક શેડો ટીચર પણ હોય છે.

૪) દરેક વર્ગખંડના દરવાજા પર વર્ગના વિદ્યાર્થીઓના નામ, વર્ગ શિક્ષકનું નામ, ફિઝયોથેરાપીસ્ટ, સ્પિચથેરાપીસ્ટના નામનું લિસ્ટ લગાવેલ હતું.

૫) સંસ્થાની દિવાલો આર્ટિસ્ટીક લૂક ધરાવતી હતી.

**બ) મોટા બાળકો માટે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરની વિશિષ્ટતાઓ :**

૧) દરેક મોટી ઉંમરના બાળકોની જરૂરિયાત મુજબ 'વર્ક સ્ટેશન' તૈયાર કરવામાં આવેલ છે.

૨) 'વર્ક સ્ટેશન'ની ડેસ્ક ઉપર બાળકનું આજનું રૂટીન લખીને આપવામાં આવેલું હોય છે.

૩) 'વર્ક સ્ટેશન'માં બાળકની જરૂરિયાત મુજબની દરેક વસ્તુઓ પૂરી પાડવામાં આવતી હતી.

૪) 'વર્ક સ્ટેશન'માં બાળકને કરવાના કામની સામગ્રી પૂરી પાડવામાં આવે છે.

૫) બાળકને વોકેશનલ વર્ક કરવા માટે ટ્રેનિંગ, તેના 'વર્ક સ્ટેશન' પર પૂરી પાડવામાં આવે છે.

**ક)વોકેશનલ ટ્રેનિંગ અને હોમ બેઇઝ ટ્રેનિંગની વિશિષ્ટતાઓ :**

૧) વેસ્ટ કાગળ માંથી હેન્ડ મેઈડ કાગળના વિઝીટિંગ કાર્ડ, ગ્રિટીંગ્સ કાર્ડ બનાવવાનું મશીન હતું.

૨) સંસ્થાનું ખુબ વિશાળ રસોઈઘર હતું, જયાં હોમ બેઇઝ ટ્રેનિંગના ભાગ રૂપે વિવિધ વાનગીઓ બનાવવામાં આવતી હતી.

**ડ) એ.ડી.એલ. ટ્રેનિંગની વિશિષ્ટતાઓ :**

ખુબ વિશાળ હોલમાં વચ્ચે એક મોટા પેસેજમાં બે બેડ છે, જેના પર સ્લીપિંગ મેનર્સ, પોતાનો બેડ વાળવો, ચાદરની ઘડી કરવી જેવી ટ્રેનિંગ આપવામાં આવે છે.

**આર.સી.આઈ.ની મુલાકાત :**

તા. ૦૨/૧૧ ના રોજ ન્યૂ દિલ્હી ખાતે સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને ડો. અમિત મિત્રા દ્વારા નવી સ્ટ્રેન્થ ડેવલોપ કરવા માટે, નવા કોર્સની શરૂ કરવાના તથા હાલમાં ચાલતા કોર્સમાં આવતી સમસ્યાઓને હલ કરવા માટે 'આર.સી.આઈ.'ની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં શ્રી પારસભાઈ શાહ દ્વારા વહીવટી વિભાગના ડેપ્યુટી ડાયરેકટર શ્રી સંતોષ પાલ સાથે મુલાકાત કરી અને સંસ્થા દ્વારા હાલમાં ચાલતા કોર્સમાં આવતી સમસ્યાઓ અંગે સંસ્થા વતી રજૂઆત કરી હતી. શ્રી સંતોષ પાલ દ્વારા તે અંગે યોગ્ય પગલા લેવાની ખાતરી આપી હતી. ત્યાર બાદ સંસ્થાઓના રજીસ્ટ્રેશન અને સી.આર.ઈ. પ્રોગ્રામની માન્યતાની કામગીરી બાબત ડેપ્યુટી ડાયરેકટર શ્રી સંદીપ તાંબે સાથે મુલાકાત કરી શ્રી પારસભાઈ શાહ દ્વારા નવા સી.આર.ઈ. પ્રોગ્રામની માન્યતા માટે રજૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ સંસ્થા દ્વારા નવો કોર્સની માન્યતા પ્રાપ્ત કરવાના પ્રયાસ માટે શ્રી પારસભાઈ શાહ દ્વારા શ્રી રાજેશ વર્માની સાથે મુલાકાત કરવામાં આવી હતી. જેમાં આગામી વર્ષોમા સંસ્થાના કોર્સનું ઇન્સ્પેકશન થવાનું છે, તે બાબતમાં વિગતવાર જાણકારી ચર્ચા કરીને મેળવી હતી.

**નેશનલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય મિટીંગ (AGM) :**

તા. ૦૪/૧૧/૨૦૨૩ ના રોજ નેશનલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય

સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી.એન. આર. સંસ્થા વતી સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને સિનીયર ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અને નેશનલ ટ્રસ્ટ અને આર.સી.આઈ. સાથે સંસ્થા વતી વ્યવહાર કરનાર ડો. અમિત મિત્રાએ ભાગ લીધો હતો. વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત નેશનલ ટ્રસ્ટના ચેરમેન શ્રી રાજેશ અગ્રવાલ (સેક્રેટરી, મિનીસ્ટ્રી ઓફ સોસ્યલ જસ્ટિસ)એ સભાપતી તરીકે (નેશનલ ટ્રસ્ટની ઓફિસ, NIST બિલ્ડીંગ, સેકટર ૧૦, દ્વારકા ખાતે) થઈ હતી. જેમાં આર.સી.આઈ. માન્ય સંસ્થાઓમાંથી ૧૦૦ જેટલા રીપ્રેઝન્ટેટિવ આવ્યાં હતાં. નેશનલ ટ્રસ્ટના સી.ઈ.ઓ. અને જોઈન્ટ સેક્રેટરી દ્વારા નેશનલ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ પ્રશ્નોત્તરી શરૂ કરવામાં આવી હતી. જેમાં નિરામયા હેલ્થ પોલિસી અને લીગલ ગાર્ડિયનશીપ અંગે ચર્ચા થઈ હતી. જેમાં સંસ્થા વતી સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા મુંઝવતા પ્રશ્ન રજૂ કરવામાં આવ્યા હતા. સમાપન ઉદ્‌બોધનમાં ચેરમેન શ્રી રાજેશ અગ્રવાલ દ્વારા દરેક મુદ્દાનું નિરાકરણ વહેલી તકે કરવાની ખાતરી આપવામાં આવી હતી. ભોજન બાદ સૌ છુટા પડયાં હતાં.



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**ઓકટોબર - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૯૯ | ૧૯ |
| આંખ | ૮૭૧ | - |
| આંખની છારી | - | ૫૨ |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૪૧૫ | ૨૦૬ |
| ઓર્થોસ્કોપી | ૪૧ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૩૨ | ૧૯૮ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૫૯૨ | - |
| એક્ષ-રે | ૧૦૨ | - |
| લેબોરેટરી | ૩૪૧ | ૧૧૭૪ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૩૯ | - |
| આંખના પડદા | ૨૯ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૬૭ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૫૨ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | - | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૩૧ | - |
| રૂબેલા વેકિસન | - | - |

❖ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૯૫** લાભાર્થીઓએ **રૂા. ૩૬૩૬૫/-** ની સહાય મેળવેલ છે.

❖ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૮** લાભાર્થીઓએ **રૂા. ૨૪૪૦/-** ની સહાય મેળવેલ છે.

## મોતિયા માટેની ઉપલબ્ધ સારવાર



મોતિયાની સારવાર કોઈ આંખના ટીપા અથવા દવાઓથી નથી થતી. જો તમારી આંખમાં મોતિયો છે, તો મોતિયાના લેન્સને દૂર કરી તેની જગ્યાએ કૃત્રિમ લેન્સ બેસાડવાનો એક જ વિકલ્પ બચે છે. આ કૃત્રિમ લેન્સને ઈન્ટ્રોકયુલર લેન્સ કહેવાય (આઈઓએલ) છે. આજની તારીખમાં થતી પ્રખ્યાત કેટરેકટ સર્જરી નીચે મુજબ છે.

**૧. ફેકોઈમલ્સિ ફિકેશન :** ફેકોઈમલ્સિફિકેશન કેટરેકટ સર્જરીનો એક એવો પ્રકાર છે, જેમાં અલ્ટ્રાસોનિક વેવ્ઝની મદદથી કેટરેકટના ટૂકડા કરી, તેનો પાઉડર બનાવી એને મશીન

દ્વારા ખેંચી લેવામાં આવે છે. ફેકોઈમલ્સિફિકેશન દરમ્યાન અલ્ટ્રોનિક તપાસ કરવા માટે સર્જન દ્વારા આંખમાં લગભગ ૨ મિલિમીટર જેટલો કાપો પાડવામાં આવે છે. જેના દ્વારા, સંપૂર્ણ સર્જરી કરવામાં આવે છે. ત્યારબાદ આઈઓએલ ફોલ્ડેબલ લેન્સ એ કાપા મારફત બેસાડવામાં આવે છે. નાનો કાપો અમુક કલાકની અંદર જ ભરાય જાય છે એટલે એને ટાંકા મારવાની જરૂર પડતી નથી.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

જીજ્ઞેશ પારેખ



**૧. યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :**

વર્ષ ૨૦૨૩-'૨૪ માં **યુપા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈ**ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જ બાળકોને, ડૉક્ટર દ્વારા નિદાન અને તેની સારવાર, સર્જરી વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

- ઓકટોબર'૨૩ દરમિયાન તળાજા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૮૩૫૭ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૫૪૦ બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા ૩૧૦ બાળકો જોવા મળ્યાં હતાં.
- આ ઉપરાંત એક ENT કેમ્પ તા. ૭-૧૧ ના રોજ શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજામાં યોજવામાં આવ્યો હતો, તેમાં તળાજા તાલુકા સથરા, દેવલી, તળાજા-૧, ૨ અને ૩ કેન્દ્રવર્તી શાળા તથા પેટા શાળાના બાળકોને બોલાવવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ડૉ. ઉદિતરાજ ચાવડા (ENT) એ સેવા આપી, ૨૨ બાળકોને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા મુજબ દવા આપી હતી. ૬ બાળકોને પી.એન.આર. હોસ્પિટલમાં વધારાની ટ્રિટમેન્ટ માટે રિફર કર્યા હતાં.

**૨. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**


તા. ૧ થી ૬ ઓકટો.'૨૩ ના રોજ કોન્જેનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતાશ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૩૮ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૩ કપાયેલાં હોઠ, ૨ તાળવામાં કાણું અને ૫ પોસ્ટ બર્ન એમ કુલ ૧૦ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.



# અંબા સી.પી. હોસ્ટેલ

## ઓક્ટોબર-નવેમ્બર- ૨૦૨૩

લાલજી પંડયા



### સમાચાર :

તા. ૧૭-૧૦ ના રોજ હોસ્ટેલના બાળકોએ અગ્રવાલ હોલમાં યોજાયેલ **નવરાત્રિ મહોત્સવ**માં ભાગ લીધો હતો.

તા. ૧૯-૧૦ ના રોજ સંસ્થામાં યોજાયેલ **નવરાત્રિ મહોત્સવ**માં હોસ્ટેલના બાળકોએ ભાગ લીધો હતો.

તા. ૧૨-૧૧ ના રોજ હોસ્ટેલમાં રહેતા બે અનાથ દિવ્યાંગ બાળકોએ દિપાવલી પર્વ, પ્રકાશ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

તા. ૧૧-૧૧ ના રોજ શ્રી શ્રેણિકભાઈ રૂપેરા તથા શ્રી રૂતાંશીબેન ભાવસાર તરફથી દિવાળી નિમિત્તે હોસ્ટેલના બે અનાથ દિવ્યાંગ બાળકોને મીઠાઈ તથા ફટાકડા આપી પ્રકાશ પર્વની ઉજવણી કરી હતી.

**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૩-૧૦ ના રોજ શ્રી નરેશભાઈ પટેલ તરફથી...
- તા. ૨૪-૧૦ ના રોજ શ્રી કાંતિલાલ સલોત તરફથી...
- તા. ૨૮-૧૦ ના રોજ શ્રી વિપુલભાઈ ચૌહાણ તરફથી...
- તા. ૩૧-૧૦ ના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ તરફથી...
- તા. ૦૫-૧૧ ના રોજ શ્રી દક્ષાબેન ત્રિવેદી તરફથી...
- તા. ૦૬-૧૧ ના રોજ શ્રી ધરમભાઈ ઠક્કર તરફથી...
- તા. ૦૬-૧૧ ના રોજ શ્રી દેવેન્દ્રભાઈ છગાણી તરફથી...
- તા. ૦૭-૧૧ ના રોજ શ્રી પ્રિયાબા જાડેજા તરફથી...

### નાસ્તો

- તા. ૨૪-૧૦ ના રોજ શ્રી જીતુભાઈ શાહ તરફથી...
- તા. ૨૬-૧૦ ના રોજ શ્રી જીતેશભાઈ ચંક તરફથી...
  તા. ૨૭-૧૦ ના રોજ શ્રી મહાવીરભાઈ મહેતા તરફથી...



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

**વાલી સભા :**

પ્રાથમિક વિભાગની વાલી સભાનું આયોજન તા. ૮-૧૧ ના રોજ કરવામાં આવ્યું. જેમાં પ્રાથમિક વિભાગના નવા આચાર્ય ડૉ. ધવલભાઈ વ્યાસનો પરિચય, સત્ર દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિનો વિડીયો, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાનું ઉદ્બોધન, તેમજ છાત્રાલયના વિભાગની વિવિધ બાબતોની માહિતી આપવામાં આવી. વાલીઓએ પણ પોતાના વિવિધ પ્રશ્નો પૂછીને તેનું સુખદ સમાધાન મેળવ્યું હતું. તેમજ પોતાના બાળકોના સર્વાંગિ વિકાસમાં કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું, તેના વિશે સમજ મેળવી હતી.

વાલી સભામાં સંસ્થાના માનદ મંત્રીશ્રી, ખજાનચીશ્રી તેમજ બંને વિભાગના આચાર્યશ્રીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર વાલી સભાનું સંકલન ડૉ. કવિતાબેન શાહે કર્યું હતું.

## નવદુર્ગાનો નાદ શ્રવણમંદોની સાથ...



શાળા દ્વારા શ્રવણમંદ બાળકો માટે જ ખાસ નિઃશૂલ્ક **નવરાત્રિ મહોત્સવ**નું આયોજન સંસ્થાના સી.એમ.પી. છાત્રાલયના પટાંગણમાં કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં દાતા પરિવાર તરફથી અલ્પાહાર અને આઈસ્ક્રિમની વ્યવસ્થા તેમજ **શ્રેષ્ઠ પરફોર્મન્સ** અને **શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન** માટે ઈનામની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેમાં શ્રવણમંદ બાળકોએ અનેરા ઉત્સાહ, થનગનાટ અને તરવરાટ સાથે મા નવદુર્ગાના નોરતાની મોજ માણી હતી. તેમાં બાળકોને પ્રોત્સાહિત કરવા તા. ૧૯-૧૦ ના રોજ શ્રી સેજલબેન પંડયા (ધારાસભ્યશ્રી,ભાવનગર પૂર્વ) તથા શ્રી રાજીવભાઈ પંડયા (પૂર્વ પ્રમુખશ્રી,ભાજપ) તથા ભાવનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી ભાવનગરના પ્રોબેશન ઓફિસર શ્રી સુરેશભાઈ



રાઠોડ, તેમજ નાસ્તાના દાતાશ્રીનું ગ્રુપ અને ઈનામના દાતાશ્રી મનીષભાઈ તથા શ્રી અલ્પેશભાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમના વરદ હસ્તે પસંદ થયેલ ખેલૈયાઓને ઈનામ આપ્યાં હતાં. નિર્ણાયક તરીકે શ્રી કવિતાબેન ડોડિયા, શ્રી દેવલબેન શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જાડેજાએ સેવા આપી હતી. સૌ દાતાશ્રી અને નિર્ણાયકશ્રીઓનું બધિર બાળકો દ્વારા તૈયાર કરેલ ગીફટ આર્ટિકલથી, ટ્રસ્ટીઓના વરદ હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી સેજલબેન પંડયા, દાતાશ્રીઓ, નિર્ણાયકશ્રીઓએ પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતાં. બધિર બાળકો જેઓ ગીત સંગીત સાંભળી શકતા નથી, તેઓ કેટલા સુંદર રીતે રાસ ગરબા રમે છે, તે જોઈ અચંબિત થયા અને તેઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય સાંપડયું, તે બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. તેમજ ટ્રસ્ટીશ્રીઓ અને સ્ટાફની આ બાળકો માટેની જહેમતને બીરદાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના ટ્રસ્ટીગણ, પ્રોજેકટ મંત્રી, ઓ.એસ. બંને વિભાગના આચાર્યશ્રી અને સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.



## શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



જ્યોતિ ભટ્ટી

**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા :**

આપણી ભારતીય સંસ્કૃતિથી વિશેષ પરિચિત થાય અને વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તેવા હેતુથી આ પરીક્ષાનું આયોજન થયેલું હતું. ગાયત્રી પરિવાર દ્વારા **ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા** તા. ૧૨-૧૦ ના રોજ આયોજન થયેલ. જેમાં ધો. ૯ અને ધો. ૧૧ ના કુલ ૭૮ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપેલી હતી. જેમાં ગાયત્રી પરિવારના શ્રી દિનેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આયોજન થયેલ હતું. જે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ તથા મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના સહકારથી સમગ્ર આયોજન સફળ રહ્યું.

**સામાન્ય જ્ઞાન બુધ્ધિ કસોટી :**

વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનનો વિકાસ થાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓથી પરીચિત થાય તેવા હેતુથી શાળામાં વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા આયોજિત સામાન્ય જ્ઞાન બુધ્ધિ કસોટીની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. આ પરીક્ષા તા. ૨૨-૧૦ ના રોજ યોજાયેલ હતી. જેમાં ધો. ૯ અને ધો. ૧૧ ના કુલ વિદ્યાર્થી ૭૪ પરીક્ષામાં હાજર રહ્યાં હતાં. આ આયોજનમાં શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ અને મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન થયેલ હતું.



## શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

- તા. ૧૭-૧૦ ને મંગળવારે છાત્રાલયના તમામ બાળકોને અગ્રવાલ સમાજ હોલમાં દાંડિયારાસ રમાડી, તેને મનભાવતુ ભોજન કરાવી અને બધાજ બાળકોને એક-એક ભેટ આપી ખુશ કર્યા હતાં.
- તા. ૧૮-૧૦ થી તા. ૨૦-૧૦ એમ કુલ ત્રિદિવસ નવરાત્રિનો કાર્યક્રમ શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયમાં રાખેલ ત્યાં બાળકો નવરાત્રિના ડ્રેસિસ પહેરીને આવેલ અને ગરબાની ખૂબજ રમઝટ બોલાવેલ. દરેક દિવસે બેસ્ટ ડ્રેસિસ અને બેસ્ટ પરફોમન્સ કરેલ દીકરા-દીકરીઓને ગીફટ આપી ખુશ કર્યા હતાં.
- તા. ૨૪-૧૦ ને મુગળવારે દશેરા નિમિત્તે તેને અનુરૂપ જલેબી અને ચોળાફળી બાળકોને ખવડાવી ખુશ કર્યા હતાં.
- તા. ૩૧-૧૦ ને મંગળવારે સ્વ. શ્રી અનિલભાઈ રતિલાલ શ્રીધરાણીના સ્મરણાર્થે છાત્રાલયના બધાજ બાળકોને પુરણપોળી ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું.
- દિવાળીના પર્વ નિમિત્તે શ્રી બસંલ પરિવાર તરફથી બધા જ બાળકો તેમજ સ્ટાફને સોન પાપડીના એક-એક બોકસ આપી નવા વર્ષની શુભકામના પાઠવી હતી.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય



**અગ્રવાલ સમાજમાં દાંડિયારાસ :**

તા. ૧૭-૧૦ ને મંગળવારે બધાજ બાળકો નવરાત્રિના સ્પેશ્યલ ડ્રેસિસ સાથે અગ્રવાલ સમાજ હોલમાં દાંડિયારાસ, ગરબા રમવા ગયેલ અને ત્યાં ભોજન કરેલ અને આયોજકોએ બધાજ બાળકોને ભેટ આપી ખુશ કર્યાં હતાં.

**નવરાત્રિ પર્વ :**

તા. ૧૫-૧૦ થી નવરાત્રિ પર્વ નિમિત્તે માતાજીના ગરબીનું સ્થાપન કરેલ અને રોજ રાત્રે આરતી કરી બધાજ બાળકોએ ગરબા રમી આનંદ કરેલ. તેમજ ત્યાં તા. ૧૮-૧૦ થી ૨૦-૧૦ એમ ૩ દિવસનો દાંડિયારાસનો કાર્યક્રમ ગોઠવેલ. આ ૩ દિવસ બાળકો જુદા-જુદા ડ્રેસ પહેરી આવીને ખૂબ મોજ કરેલ. દાંડિયારાસ પૂર્ણ થતા નાસ્તો કરી, આઈસ્ક્રિમ કેન્ડી, સોડા જેવી વગેરે વસ્તુઓ ખવડાવી ખૂબ મજા કરાવેલ અને દરેકને ગીફ્ટ આપી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.

**દશેરા પર્વ :**

તા. ૨૪-૧૦ દશેરા પર્વ નિમિત્તે બધાજ બાળકો ચોળાફળી, જલેબી ખાય ખૂબ મોજ કરી હતી. દિવાળીના પર્વ નિમિત્તે બધા જ બાળકો, તેમજ સ્ટાફને શ્રી બસંલ પરિવાર તરફથી એક-એક મિષ્ટાન (સોનપાપડી) નું બોકસ આપી નવા વર્ષની શુભકામના પાઠવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ વિપુલ જેઠવા

ઓકટોબર માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૪૨ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૮૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખો હાથ-૧, અડધા પગ-૩, ઓર્થોશૂઝ-૨,ની-બ્રેસ-૬૭, હેન્ડ સ્પિલન્ટ-૫, સ્પાઈનલ ઓર્થોસિસ-૭, અન્ય-૫૮, કેલિપર-૪, એ.એફ.ઓ.-૧૯, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૪ એમ કુલ ૧૮૦ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.


ઓકટોબર માસમાં કૃત્રિમ હાથ-પગનો કેમ્પ પોરબંદર (ગુજરાત)માં યોજાયેલ. જેમાં ૪૧ લાભાર્થીઓને ૧૭ આખા પગ તથા ૨૪ અડધા પગ પૂરા પાડવામાં આવેલ હતાં. જે કેમ્પ ડૉ. અજયભાઈ બાવળિયા દ્વારા કરવામાં આવ્યો હતો. તેમજ ડૉ. નાયક દ્વારા ની-બ્રેસનો કેમ્પ કોચી, કોઈમ્બતુર, બેંગ્લોર, શિમોગા, શીરસી, પુના તથા મુંબઈ મુકામે યોજાયેલ. જેમાં ૧૧૫ લાભાર્થીઓને ૨૩૦ ની-બ્રેસ પૂરાં પાડવામાં આવ્યાં હતાં.





# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હીયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



**સંસ્થા વિઝિટ :**

કોલેજના વર્ષ ૨૦૨૩-૨૫ ના બી.એડ. અને ડી.એડ. સ્પે. એજ્યુકેશન (એચ.આઈ.) નવા પ્રવેશ પામેલ તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અનુસાર, પ્રત્યક્ષ નિરીક્ષણ કરી વધારે સારી રીતે સમજ મેળવી શકે અને દિવ્યાંગ બાળકો કઈ રીતે અભ્યાસ કરી શકે અને પોતાનું જીવન જીવી શકે તે વિશે માહિતી મેળવી શકે તે માટે તા. ૨૨-૮ થી તા. ૨૮-૮ દરમ્યાન સંસ્થામાં પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઓફિસ વિભાગ, ઓડિયો વિભાગ, છાત્રાલય વિભાગ, પી.આર.વી. વિભાગ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, અંધ ઉદ્યોગ શાળા, સી.પી. બાળકોની શાળા, કે.એન.શાહ

હાઈટેક સ્કૂલ જેવી સ્પે. બાળકોની શાળાઓ અને ઘરશાળા તેમજ વિશુધ્ધાનંદ જેવી સામાન્ય શાળામાં **વિઝિટ** કરાવવામાં આવી હતી.

**નવરાત્રિ :**



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ દ્વારા તા. ૧૮ થી ૨૦-૧૦ દરમ્યાન ૩ દિવસ નવરાત્રિનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો અને ખૂબજ આનંદ સાથે ગરબાને માણ્યાં. આ નવરાત્રિ દરમિયાન કોલેજના તાલીમાર્થીઓ દ્વારા અલગ-અલગ કામગીરી કરવામાં આવી હતી. નવરાત્રિમાં ગરબા રમનારાનો ઉત્સાહ જળવાઈ રહે એટલા માટે રોજ બે કેટેગરીમાં ઈનામ આપવામાં આવતા હતાં. જેમાં એક સારા ગરબા રામનારને અને બીજું ઈનામ સારા કોસ્યુમ પહેર્યા હોય તેમને આપવામાં આવતા હતાં. જેમાં કોલેજના તાલીમાર્થીઓમાં દીપક તનવર, કુમારી શિવાની, શેષ કરણ, સેલ્વિ વાળા, ભોમદાન, દીપેન દવે,ભક્તિ પડિયા, બીરવાબા, ખુશાલી રમાણીને તેમજ કોલેજના સ્ટાફમાંથી શ્રી દયાબેન વંકાણીને ઈનામ આપવામાં આવ્યા હતાં.

**વિદાય સમારંભ :**



ટીચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા તા. ૨૩-૧૦ ના રોજ D.Ed. Spt. Edu. (HI) 2021-23ના તાલીમાર્થીઓનો **વિદાય સમારંભ** યોજાઈ ગયો. જેમાં તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના અને પધારેલ અતિથિ દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ડી.એડ. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને એક રમત રમાડવામાં આવી અને વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓએ બે વર્ષ દરમિયાન કઈ-કઈ પ્રવૃત્તિ કરી, તેમના સંસ્મરણો વિશેનો વિડીયો બતાવવામાં આવેલ. જેની બે વર્ષની સફર પૂરી થઈ તેવા શ્રી વાજા જાનવી અને શ્રી શ્રવણ કુમારે પોતાની આ સફરના ખાટા-મીઠાં અનુભવો વિશે વાત કરી. ત્યાર બાદ કોલેજ દ્વારા વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને મેમેન્ટો આપીને સન્માનિત કરાયા. તેમજ વિદાય આપી રહેલ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ તેમના સિનિયરને યાદગીરીરૂપે શાળાના બાળકોએ બનાવેલ વસ્તુઓ ભેટમાં આપી. D.Ed. Spt. Edu. (HI) 2021-23ના તાલીમાર્થીઓએ કોલેજની લાઈબ્રેરીને કેટલીક બુક્સ અને કોલેજને દીપ પ્રાગટય માટે દીપક સ્ટેન્ડ ભેટ આપીને કોલેજ પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રગટ કર્યો. સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ આશીર્વચન આપ્યા. આ વિદાય સમારંભમાં શ્રી અનિલસિંહ, શ્રી ધવલભાઈ, શ્રી વિપુલભાઈ જેઠવા તથા કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ તથા તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ કોલેજના લેક્ચરર શ્રી દયાબેન વંકાણી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

**રિસોર્સ પર્સન તરીકે :**

૧. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગરના સેન્ટર ઓફ સ્પેશિયલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આર.સી.આઈ. તરફથી મળેલ માન્યતા પ્રાપ્ત એક દિવસીય ઓનલાઈન સી.આર.ઈ. પ્રોગ્રામ જેનો ટોપિક **"Recent Trends in Special Education"** પર તા. ૨૬-૧૦ ના રોજ કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા **"Recent Pedagogical Updates in Special Education"** વિષય પર રિસોર્સ પર્સન તરીકે લેક્ચર લેવામાં આવ્યું હતું.

૨. 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા દ્વારા આર.સી.આઈ. તરફથી મળેલ માન્યતા પ્રાપ્ત બે દિવસીય તા. ૪ અને ૫-૧૧ દરમિયાન **"Assessment and Diagnosis of ASD"** વિષય પર સી.આર.ઈ. પ્રોગ્રામ યોજાયેલ. જેમાં કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા **"Report Writing & Interprtation"** વિષય પર રિસોર્સ પર્સન તરીકે લેક્ચર લેવામાં આવેલ.

**જર્નલ ક્લબ :** કોલેજમાં તા. ૨૧ થી ૨૮-૧૦ તથા ૪-૧૧ ના રોજ **જર્નલ ક્લબ** યોજવામાં આવેલ. જેમાં...

| તારીખ | પ્રસ્તુતકર્તા | માર્ગદર્શક | ટોપીક | ભાગ લેનાર ટ્રેનીજોની સંખ્યા |
|---|---|---|---|---|
| 21-10-2023 | Deshraj and Anurag | Dr. Abhishek Sir | Tehniques & Methods of Teaching Language | 95 |
| 28-10-2023 | Dipen Dave Than Singh | Dr. Santosh Yadav | Toy-Based Pedagogy (Learning for Fun, Joy and Holistic Development) | 95 |
| 04-11-2023 | Ugam Dan Laxmi Babu Singh | Mrs. Ajeet Sir | Inclusive Education in the National Education Policy (NEP) : A Pathway to Empowerment | 95 |

**આંતરિક પરીક્ષા નવે.`૨૩ :**

D.Ed. Spl.Edu. (HI)-2022-24 સેમેસ્ટ-3 ની આંતરિક પરીક્ષા તા. ૯ થી ૧૩-૧૦ દરમિયાન યોજાય અને D.Ed. Spl.Edu. (HI)-2023-25 સેમેસ્ટ-1 ની આંતરિક પરીક્ષા તા. ૧ થી ૭-૧૧ દરમિયાન યોજાઈ ગઈ. તેમજ વાઈવા અને સેમેસ્ટર ત્રીજા દ્વારા ટીએલએમ બનાવી પ્રદર્શન કરવામાં આવેલ. ત્યારબાદ રંગોળી બનાવીને વર્ગ સુશોભિત કરવામાં આવ્યાં.

**દિવાળી વેકેશન**

કોલેજમાં B.Ed. Spl.Edu. (HI) અને D.Ed. Spl.Edu. (HI) ના તાલીમાર્થીઓને તા. ૬ થી ૨૭-૧૧ સુધી દિવાળી વેકેશન આપવામાં આવેલ છે. દિવાળી વેકેશનમાં જતા પહેલા તાલીમાર્થી દ્વારા પોત પોતાના રૂમની સફાઈ કરવામાં આવેલ અને રંગોળી કરીને વર્ગ સુશોભિત કરવામાં આવ્યાં હતાં.





ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

સૂર્યકાંત ચાવડા



**નવેમ્બર`૨૩ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| Departmenr | No. of Service | No. of Patient |
|---|---|---|
| Chest Physian | 7 | 7 |
| Dental | 211 | 211 |
| E.C.G. | 3 | 3 |
| E.N.T. | 375 | 375 |
| EYE | 177 | 177 |
| EYE Retina | 10 | 10 |
| Family Physician | 49 | 49 |
| General Surgeon | 4 | 4 |
| Pathology Lab. | 276 | 135 |
| Maternity | 82 | 71 |
| Orthopedic | 35 | 35 |
| Pediatric | 31 | 31 |
| Psychiatric | 32 | 32 |
| Skin | 107 | 107 |
| Sonography | 32 | 32 |
| Physiotherapist | 24 | 24 |
| X-Ray | 26 | 26 |
| Proctologist | - | - |
| Sivan Class | - | - |
| **Grand Total** | **1976** | **1794** |

## ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.

માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું **E-Mail ID** તથા વોટસઅપ નંબર અને આપનું નામ, નીચેના **E-Mail ID** ઉપર મોકલવા વિનંતી.

**E-Mail : info@pnrsociety.org**



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



**આદ્યશક્તિ પર્વની ઉજવણી :**

તા. ૨૧-૧૦ ના રોજ દીપક હોલ ગ્રાઉન્ડ ખાતે મોઢ જ્ઞાતિ યુવક મંડળના સહયોગથી **આદ્યશક્તિ પર્વ નવરાત્રિની ભવ્ય ઉજવણી** કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી મનિષભાઈ ઠાકર સાહેબ S.P. (I.B.), શ્રી જતિનભાઈ ઠક્કર (અગ્રણી ઉદ્યોગપતિ), શ્રી કિશોરભાઈ ભાયાણી (અગ્રણી ઉદ્યોગપતિ), શ્રી મુકેશભાઈ જોધવાણી (તનિષ્ક જ્વેલર્સ), શ્રી ગુણવંતભાઈ શાહ (ટ્રસ્ટી, પાર્શ્વ ભક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ), શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખશ્રી, મોઢ જ્ઞાતિ યુવક મંડળ), શ્રી તારકભાઈ શાહ (તંત્રીશ્રી, સૌરાષ્ટ્ર સમાચાર), શ્રી સુનિલભાઈ પારેખ (શુભાંગિની ફાઉન્ડેશન), શ્રી તુષારભાઈ મહેતા (અગ્રણી ઉદ્યોગપતિ) વગેરેની અતિથિ વિશેષ ઉપસ્થિતમાં આરતી કરી બાળકો, વાલીઓ, સ્ટાફ પરિવાર તથા મહેમાનો દ્વારા સુંદર ગરબા લેવામાં આવ્યાં હતાં.

શ્રી તુષારભાઈ મહેતા તરફથી દરેક બાળકોને ગીફ્ટ આપવામાં આવેલ. તેમજ શ્રી ગુણવંતભાઈ શાહ તરફથી દરેક બાળકોને નાસ્તો કરાવવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ, કર્મચારીગણ, વાલીઓ તથા બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**સાંસદ રમોત્સવમાં શાળાના મનોદિવ્યાંગ બાળકોની વિશિષ્ટ સિધ્ધિ :**

સિદસર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના **સાંસદ રમોત્સવ**માં સામાન્ય શાળાના નોર્મલ બાળકોની સાથે, શાળાના મનોદિવ્યાંગ બાળકોએ વિવિધ રમતોમાં ભાગ લીધેલ. જેમાં સ્લો સાઈકિલગમાં કાળવાતર અરમાન ઉસ્માનભાઈ અને લીંબુ ચમચી રમતમાં બ્લોચ રમીઝખાન રફીકખાને નોર્મલ બાળકોની સાથે સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી, વિશિષ્ટ સિધ્ધિ સાથે શાળાનું ગૌરવ વધારેલ. શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસિફખાન પઠાણે બંને બાળકોને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

**અર્ધ વાર્ષિક વાલી મિટીંગ, કપડાં-ફટાકડા-મિઠાઈ વિતરણ :**

શાળા ખાતે મંદબુધ્ધિ બાળકોના વાલીઓ માટે **એક મિટીંગ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં વાલીઓને બાળકોના પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ તથા વેકેશન દરમ્યાન બાળકોને ઘરે કરાવવાની પ્રવૃત્તિ અંગે માહિતગાર કરવામાં આવેલ. તેમજ



ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ) તરફથી શાળામાં તાલીમ મેળવતા ૨૩૦ બાળકોને રેડીમેડ કપડાંની એક જોડ સહર્ષ ભેટ આપવામાં આવી હતી.

વિશેષમાં દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી નિમેષભાઈ દેસાઈ (જીતુભાઈ ફટાકડાવાળા) તથા શ્રી પરાગભાઈ મણિયાર તરફથી બાળકોને ફટાકડા આપવામાં આવેલ તથા દાતાશ્રીઓ તરફથી મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.



**શ્રી વિનુભાઈ હકાણીની પ્રમુખ પદે નિયુક્તિ :**



તા.૧-૧૦ ના રોજ વર્ષ ૨૦૨૨-૨૩ ની કાર્યવાહક કમિટી તથા ટ્રસ્ટી મંડળની વાર્ષિક મિટીંગ (A.G.M.) માં મહત્વના ઠરાવ પસાર કરવામાં આવ્યાં હતાં.

સ્વ. શ્રી શશીભાઈના અવસાનથી ખાલી પડેલ જગ્યાએ વર્તમાન ઉપ-પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીની, પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. તેમજ શ્રી પારસભાઈ શાહની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી, જેને સર્વે સભ્યોએ હર્ષભેર આવકારી તેમને પૂષ્પગુચ્છ સાથે

અભિનંદન પાઠવેલ.

શ્રી વિનુભાઈ હકાણી ૨૫ વર્ષથી અંકુર સંસ્થામાં ટ્રસ્ટી તરીકે માનદ સેવા આપી રહ્યાં છે. મનોદિવ્યાંગ બાળકોની તાલીમ, શિક્ષણ, પુનર્વસન તેમનું કાર્યક્ષેત્ર રહ્યું છે, સાથે ઈન્સ્ટીટયુશનલ મેનેજમેન્ટનો પણ બહોળો અનુભવ ધરાવે છે.


પેરેન્ટ બોડી પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહની ટ્રસ્ટી મંડળમાં જોડાતા સંસ્થાની સ્ટ્રેન્થ વધશે અને તેમના વહિવટી કૌશલ્યનો પણ લાભ મળશે.

સંસ્થા પરિવાર દ્વારા તેમનું અભિવાદન અને અભિનંદન.

**નેશન બિલ્ડર** એવોર્ડ મેળવતા **ડૉ. ભાવના અંધારિયા મહેતા :** રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા તા. ૩૦-૯ ના રોજ શૈક્ષણિક ક્ષેત્રે પોતાના આગવા પ્રદાન દ્વારા સમાજ અને રાષ્ટ્ર ઘડતર માટે વિશિષ્ટ કાર્ય કરી રહ્યાં છે તેવા કુલ ૧૧ શ્રેષ્ઠ શિક્ષકને પસંદ કરી, તેમને **નેશન બિલ્ડર એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જે અંતર્ગત ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમમાં પૂર્વ સાસંદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા તથા સિલ્વર બેલ્સ સ્કૂલના એમડી શ્રીમતી અમરજયોતિબા ગોહિલના અધ્યક્ષ સ્થાને સમારોહ યોજાયો હતો. જેમાં સંગીત થકી દિવ્યાંગ બાળકો સાથે ધૈર્યપૂર્ણ અને અનોખી કાર્ય પધ્ધતિ દ્વારા બાળકોના જીવન ઘડતરમાં સકારાત્મકતા લાવવા બદલ, શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડૉ. ભાવના અંધારિયા મહેતાનું **નેશન બિલ્ડર એવોર્ડ** દ્વારા સન્માન કરવામાં આવેલ. આ સન્માન બદલ અંકુર પરિવાર ગર્વની લાગણી અનુભવી તેમને શુભેચ્છા પાઠવે છે.

## ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**દિપાવલી પ્રોજેક્ટ :**મંદબુધ્ધિ બાળકોનું સમાજમાં પુનઃસ્થાપન કરવા તથા આર્થિક રીતે પગભર કરવાના ઉમદા આશય સાથે અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા સંચાલિત શ્રીમતી ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે, મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ આકર્ષક, અવનવી કલરફૂલ રંગોળીઓ, ટીલાઈટ, બટવા, બાજોટ, રૂમાલ, ગિફ્ટ બેગ, તોરણ, હેગિંગ તેમજ અન્ય વસ્તુઓનું વેચાણ U.S., Canada, Britain જેવા દેશોમાં તથા ભારતના મુંબઈ, કાનપુર, બેંગ્લોર, કોલકત્તા જેવા શહેરોમાં ઓનલાઈન તથા સ્થાનિક કક્ષાએ ઓફલાઈન વેચાણ કરવામાં આવેલ. જેમાં લોકોનો સુંદર પ્રતિસાદ સાંપડેલ. આ વેચાણમાંથી થતા નફાની રકમ મંદબુધ્ધિ બાળકોને આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રોજેકટને સફળ બનાવવા વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સરાહનિય પ્રયત્ન કરવામાં આવ્યાં હતાં.



## સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી
## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન



ડો. ભાવિકા કામદાર

**CRE પ્રોગ્રામ સંપન્ન :**

સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ દ્વારા તા. ૪ તથા ૫-૧૧ દરમિયાન શાળા ખાતે Assessment And Diagnosis of ASD વિષય પર બે દિવસીય CRE પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્થાનિક તેમજ વડોદરા, અમદાવાદ, જામનગર, સુરેન્દ્રનગર, બોટાદ વગેરે સ્થળોએથી ૪૩ વિશિષ્ટ શિક્ષકો હાજર રહ્યાં હતાં. આ CRE પ્રોગ્રામનું ઉદ્દઘાટન ભાવનગર યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવનના H.O.D. ડૉ. શ્રી સવિતાબેન વાઘેલા દ્વારા કરવામાં આવેલ અને સાથો-સાથ ટીચર્સ ટ્રેનિંગ કોલેજના ચેરમન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના પ્રમુખશ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન ઉપસ્થિત રહેલ. આ બે દિવસીય CRE પ્રોગ્રામમાં ઓટિઝમ બાળકો વિશે, વલ્લભ વિદ્યાનગર, ગાંધીનગર તેમજ સ્થાનિક ફેકલ્ટી દ્વારા ખૂબજ ઉપયોગી માહિતીઓ પૂરી પાડવામાં આવેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે CRE પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર શ્રી રિધ્ધીબેન મહેતા તેમજ શ્રી આરિફભાઈ જેઠવાએ ભારે જહેમત ઉઠાવેલ. સમગ્ર CRE કાર્યક્રમનું માર્ગદર્શન ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા આપવામાં આવ્યું હતું.





# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી

✍ છાયા જોષી



## સકસેસ સ્ટોરી

આ લાઈબ્રેરીમાં બાળકોને ''લર્ન વિથ ફન'' થીમ પર વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે, જેમ કે સ્પેલિંગ શોધો, મેથ્સ પઝલ, મિસીંગ નંબર શોધો, આકાર ઓળખો, સરખામણી કરો, ટપકાં જોડી ચિત્ર બનાવો, તેમજ કલરિંગ કરો, જેવી એક્ટિવિટી કરાવવામાં આવે છે. આથી બાળકો હોંશે-હોંશે લાઈબ્રેરીમાં આવે છે.

કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ ધો. ૯ માં અભ્યાસ કરતી વાઘેલા ક્રિનલ જ્યારે પહેલીવાર લાઈબ્રેરીમાં આવી ત્યારે મને એવું લાગ્યું કે તેને વાંચવું ગમે છે. મેં તેને શરૂઆતમાં વાંચવામાં રસ પડે તેવી ટૂંકી વાર્તાની નાની-નાની બુક વાંચવા આપી. મેં તેને પ્રોત્સાહિત કરી, ત્યારબાદ ધીમે-ધીમે ક્રિનલનો વાંચવામાં રસ વધવા લાગ્યો. આમ ધીમે-ધીમે ક્રિનલે ''મગજ કસો'', ''ગણિત કોયડાઓ'', ''જીવનની પાઠશાળા'', ''સાયલન્સ ઝોન'', ''શબ્દની સુગંધ'', ''બાળ વૈજ્ઞાનિક'' વિગેરે પુસ્તકો વાંચ્યા છે. ક્રિનલે તા. ૨-૭-૨૩ થી તા. ૩૧-૭-૨૩ દરમ્યાન ૩૦ દિવસમાં ૫૧ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. વાઘેલા ક્રિનલે **રીડર ઓફ ધ મન્થ એવોર્ડ** થી સન્માનિત કરવામાં આવી હતી. ક્રિનલ જીવનમાં ખૂબજ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ.




## સપ્ટેમ્બર મહિના દરમ્યાન નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલ પુસ્તકો.

| પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાર |
|---|---|---|
| મેઘાણીની શ્રેષ્ઠ વાર્તાઓ | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| સોરઠ તારા વહેતા પાણી | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| સોરઠી બહારવટિયા | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| સત્યની શોધમાં | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| વેવિશાળ | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| અપરાધી | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| નિરંજન | ઝવેરચંદ મેઘાણી | નવલકથા |
| સંવાદ એકબીજાનો | કાજલ ઓઝા વૈદ્ય | નવલકથા |
| છલ ભાગ ૧ અને ૨ | કાજલ ઓઝા વૈદ્ય | નવલકથા |
| સન્નતાનું સરનામુ ભાગ ૧ અને ૨ | કાજલ ઓઝા વૈદ્ય | નવલકથા |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાર |
|---|---|---|
| પારિજાતનું પરોઢ | કાજલ ઓઝા વૈદ્ય | નવલકથા |
| ભદ્રંભદ્ર | ર. વ. દેસાઈ | હાસ્ય નવલકથા |
| બાળજોગણ | ર. વ. દેસાઈ | નવલકથા |
| વસ્તુપાલ તેજપાલ | ડૉ. શરદ ઠાકર | પ્રેરક માર્ગદશક કથા |
| ચોપાટ | ડૉ. શરદ ઠાકર | નવલકથા |
| બરસાખે તોરણ | ડૉ. કાન્તિ ગોર | નવલકથા |
| હસ્તરેખા | માવજી મહેશ્વરી | નવલકથા |
| અમારી અડધી ગ્રંથતુલા | ડૉ. જગદીશ ત્રિવેદી | હાસ્ય નવલકથા |
| હાસ્તના રસગુલ્લા | ડૉ. જગદીશ ત્રિવેદી | હાસ્ય નવલકથા |
| બાપુજીનું ટેલિફોનિક બેસણું | ડૉ. જગદીશ ત્રિવેદી | હાસ્ય નવલકથા |

# બધિરોની માતૃભાષા - સાઈન લેંગ્વેજ



✍ વિરેન્દ્રસિંહ ગોહિલ

**ગત અંકનું શરૂ ...**

ભારતની અંદર ૧૮ મિલિયન લોકો શ્રવણમંદતા ધરાવે છે. આવા બાળકો માટે સમગ્ર દેશમાં ૬૦૦ કરતા વધારે સ્પેશિયલ સ્કૂલ આવેલી છે. જેમાં વિશિષ્ટ શિક્ષકો (સ્પેશિયલ ટિચર) દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ગુજરાતમાં પણ લગભગ ૩૫ કરતા વધુ બધિર બાળકો માટેની વિશિષ્ટ શાળાઓ આવેલી છે. ભારતમાં શ્રવણમંદો માટેની સૌ પ્રથમ શાળા મુંબઈમાં ૧૮૮૦ માં શરૂ થઈ હતી. ગુજરાતની વાત કરીએ તો ૧૯૦૨ માં અમદાવાદમાં સૌ પ્રથમ બધિર બાળકો માટેની શાળા શરૂ થઈ હતી. ભાવનગરની શ્રી કે.એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ ૧૯૬૦ થી શ્રવણમંદોના શૈક્ષણિક, સામાજિક, આર્થિક તેમજ સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. શરૂઆતના વર્ષોમાં દરેક શાળામાં મૌખિક અભિગમ દ્વારા એટલે કે બોલીને ભણાવવા પર જ ભાર આપતો હતો; પરંતુ ૨૦મી સદીના અંત સમયે ધીમે-ધીમે તેમાં પરિવર્તન આવ્યું અને સાઈન લેંગ્વેજના સપોર્ટ દ્વારા અથવા સાઈન લેંગ્વેજથી જ શિક્ષણ આપવું એવો ખ્યાલ ઉદ્ભવ્યો, જે ખરેખર તેઓની માતૃભાષા છે. બંને પધ્ધતિના ફાયદા અને ગેરફાયદા છે. અને એટલે જ બંનેને સાથે રાખીને ભણાવવાનું પણ શક્ય બન્યું. જેને Total Communicatin Mode (TC Mode) કહે છે. જેમાં સાઈન અને ઓરલ બંનેનો ઉપયોગ થાય છે. જેવી રીતે દરેક દેશ અને રાજ્યની બોલાતી ભાષાઓ અલગ-અલગ હોય છે, તેવી જ રીતે દરેક દેશની સાઈન લેંગ્વેજ પણ અલગ-અલગ હોય છે. ભારતમાં ઉપયોગ થતી સાઈન લેંગ્વેજને ઈન્ડિયન સાઈન લેંગ્વેજ (ISL) કહે છે. એવી જ રીતે અમેરિકામાં ASL, બ્રિટનમાં BSL અને જર્મનીમાં ઉપયોગ થતી સાઈન લેંગ્વેજ ને GSL કહે છે. ભારતમાં અલગ-અલગ રાજ્યની સાઈનમાં થોડો તફાવત જોવા મળે છે, પરંતુ ૭૦% સાઈન સમાન હોય છે. જયારે ૩૦% જેટલી સાઈન પ્રદેશિક કક્ષાએ તેમના રીતરિવાજ, સંસ્કૃતિ કે આદતો મુજબ અલગ-અલગ હોય શકે. જેમ કે શહેરોમાં ચા માટે કપની સાઈન કરે તો ગામડામાં રકાબીની સાઈન કરે.

દુનિયા હવે ગ્લોબલ વિલેજ બની ગયું છે, તો Indian Sign Language (ISL) ની પણ એક આગવી ઓળખ બને એ હેતુથી જાન્યુઆરી ૧૯૯૯ માં રામકૃષ્ણ મિશને CBM ઈન્ટરનેશનલ, જર્મનીના સહયોગથી ISL ને પ્રમાણિત કરવા માટે એક અનોખા પ્રોજેકટની શરૂઆત કરી. ૨૪ નવેમ્બર, ૨૦01 ભારતના બધિર વ્યક્તિઓ માટે એક મહત્વપૂર્ણ દિવસ બની ગયો. કારણ કે આ દિવસે પ્રથમ "Indian Sign Language Dictionary" બહાર પાડવામાં આવી. આ વર્ષોના સંશોધન પર આધારિત એક ઉમદા પ્રયાસ હતો. જેમાં સમગ્ર ભારતના એક સામાન્ય **લેંગ્વેજ કોડ** પ્રદાન કરવા માટે ૧૨ રાજ્યોના ૪૨ શહેરોમાંથી ૨૫૦૦ થી વધુ ચિન્હોનું (સાઈન) દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. આ પછી પ્રગતિ થતી રહી, ૨૦૦૨માં સાઈન લેંગ્વેજ ઈન્સ્ટ્રકશન વીડિયો ડેવલપ કરવામાં આવ્યાં. જેમાં ચહેરાના હાવભાવ, બોડી મૂવમેન્ટ અને પોઝિશન સ્પષ્ટ રીતે જોઈ શકાતા. જે પુસ્તક રૂપે બહાર લાવવું અશક્ય હતું. આ ડિક્ષનરી સમયાંતરે અપડેટ થતી રહે છે. સાઈન લેંગ્વેજ એ શ્રવણમંદ વ્યક્તિની માતૃભાષા છે જે બે રીતે કરી શકાય છે. One handed sign (એક હાથે) અને Two handed (બે હાથે), અમેરિકામાં મોટાભાગે one handed sign જયારે ભારત અને બ્રિટનમાં મોટાભાગે two handed sign નો ઉપયોગ કરવામાં આવે છે.

શ્રવણમંદ લોકો પોતાના શહેર રાજ્ય અને દેશ પ્રમાણે મંડળો પણ ચલાવે છે. જેમ કે ભાવનગર બધિર મંડળ (BMB), મૂકબધિર મંડળ બરોડા (MBM), દિલ્લી ખાતે નેશનલ એસોસિએશન ફોર ધ ડેફ (NAD) અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ World Federation of The Deaf (WFD), આ દરેક મંડળમાં બાળકો, મહિલાઓ, યુવાનો, તેમજ કલ્ચરલ અને સ્પોર્ટ્સના વિભાગો પણ કાર્યરત છે. શ્રવણમંદોના વિશિષ્ટ શિક્ષકોને તો સાઈન આવડતી હોય છે; પરંતુ આ સિવાય પણ અમુક લોકો સ્વાભાવિક રીતે સહજતાથી જ નાનપણથી સાઈન શિખી જતાં હોય છે. જેમાં મુખ્યત્વે બે લોકોનો સમાવેશ થાય છે.

CODA (કોડા) અને SODA (સોડા), CODA એટલે Children of Deaf Adult એટલે કે શ્રવણમંદ માતા-પિતાના સાંભળતા બાળકો, જેઓ દાદા-દાદી કે નાના-નાની પાસેથી બોલાતી ભાષા અને પોતાના મા-બાપ સાથે ઈશારામાં વાતચીત કરતા કરતા સાઈન શીખી જાય છે.

જયારે SODA એટલે Sibling of Deaf Adult એટલે કે શ્રવણમંદ બાળકના સાંભળતા ભાઈ કે બહેન. જેઓ સાથે મોટા થાય છે અને સાથે રમે છે એટલે તેઓ ઝડપથી સાઈન શીખી જાય છે. અને પરિસ્થિતિ એવી બને છે કે આ SODA અને CODA એમના માટે કાયમ માટે interpretation નું કામ કરે છે. આ લોકો best interpriter તરીકે કામ કરી શકે છે. આપણા દેશમાં આવા ઘણાં લોકો છે જેમને આમાં પોતાની કેરિયર બનાવી છે. ભારત સરકારે પણ સાઈન લેંગ્વેજને પ્રોત્સાહન મળે તેમજ તેમાં નવા સંશોધનો કરી શકાય તે માટે ISLRTC (Indian sign Language Research and Training Centre) ની

સ્થાપના કરી છે.

શ્રવણમંદ લોકોનું પોતાનું એક અલગ જ કલ્ચર હોય છે, જેને Deaf Culture તરીકે ઓળખવામાં આવે છે. તેઓને પોતાની શ્રવણની ખામી બાબતે કોઈ ફરિયાદ પણ નથી હોતી અને કોઈ શરમ પણ નથી. તેઓ Deaf હોવા બાબતે Proud feel કરે છે. તેઓ સાઈન કરતા-કરતા થાકતા નથી. તેમના હાથ પણ દુખતા નથી. આપણે તો આંખો બંધ કરીને અને અંધારામાં પણ સાંભળી શકીએ છીએ. પરંતુ તેઓ જયારે આંખ બંધ કરે છે ત્યાં જ તેમની વાતચીતની દુનિયા બંધ થઈ જાય છે. તેઓએ સતત આંખો દ્વારા સામેની વ્યકિતના હાથ તેમજ ચહેરાના હાવભાવ પર જોતા રહેવું પડે છે. આ પ્રક્રિયા તેમના માટે સામાન્ય હોય છે. આપણે આ બધું કરીએ તો ખબર પડે કે આ કેટલું મુશ્કેલ કામ છે. Deaf Culture અને Deaf Psychology એ આખો અલગ વિષય છે.

અત્યારે દુનિયામાં અલગ-અલગ ભાષા શીખવાનો ટ્રેન્ડ ચાલે છે. પશ્ચિમના દેશોમાં તો સાઈન લેંગ્વેજ શીખવા માટે સામાન્ય લોકો પણ તત્પર રહે છે. એના માટે Diploma in Sign Language નો કોર્સ ચાલે છે. ડેફ લોકોને દયાની નહીં પરંતુ પ્રેમની જરૂર છે. તેમની માતૃભાષા સાઈન લેંગ્વેજને આદર આપી, તમે એમની સાથે થોડી ઈશારામાં વાત કરશો તો પણ તે તમારા થઈ જશે અને ખુશ થશે. આ માટે આપણે કોઈ કોર્સ કરવાની જરૂર નથી. ઈશારામાં વાત કરવાની પહેલ કે માત્ર ઈચ્છા શકિત જગાવો એટલે રસ્તો મળી જશે. જો તમારે પ્રાયમરી લેવલની સાઈન શીખવી હોય તો Spread the sign DEF (Deaf enabled Foundation) જેવી મોબાઈલ એપ્લિકેશન પણ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે. YouTube પર પણ ISH, MBM, Deaf Talks અને મારી પોતાની Voice For Deaf નામની ચેનલ છે. આવો સાથે મળીને બધિરોના ઉત્કર્ષ માટે યોગદાન કરીએ

# ૧ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR HOPE 4 ALL

## P. N. R. SOCIETY

**80-G**

| | Rs. |
|---|---|
| Shri Leena Vinodrai - Bhavnagar | 5,000 |
| M/S. J M Enterprises (Prop. Atul Ajmera) - Mumbai | 25,000 |
| Shri Mahavir Ratilal Maheta - Bhavnagar | 2,500 |
| Shri Priti Jitendra Parekh - Mumbai | 21,001 |
| M/S. K.Uttamlal & Company - Mumbai | 25,000 |
| Shri Mita Shah - Mumbai | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| M/S. Spire Enterprise - Bhavnagar | 5,000 |
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 15,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Anilbhai Ratilal Shridhrani - Bhavnagar | 4,000 |
| Shri Nitaben Hemantbhai Gohil - Bhavnagar | 4,000 |
| Shri Inner Wheel Club Of Bhavnagar - Bhavnagar | 20,000 |
| Shri Inner Wheel Club Of Bhavnagar - Bhavnagar | 2,000 |
| Shri Rajnikantbhai Soni - Mandir - Mumbai | 10,000 |
| Shri Shailesh Anantrai Thakker - Bhavnagar | 6,000 |
| Shri Kasturbai Nimchand Trust - Mumbai | 10,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Late Ramaben Chandubhai Zakadiya - Bhavnagar | 6,000 |
| Shri Aadi Jin Yuvak Charitable Trust - Mumbai | 31,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Krishna Enterprise - Mumbai | 2,10,000 |
| Lincoln Pharmaceuticals Ltd. - Ahmedabad | 51,000 |
| Shri Shilaben Nitinbhai Bhakt - Surat | 9,260 |
| Shri Kinjal Maheshkumar Vagadia - Bhavnagar | 5,001 |
| Avadh Trading Co. - Mahuva | 5,000 |
| Vasundhara Trading Co. Mahuva | 5,000 |
| Shri Bakulbhai Rasiklal Mehta - Mahuva | 5,000 |
| C. C. Buch Public Charitable Trust - Vadodara | 5,000 |
| Shri Khyati Sachin Sampat - Mumbai | 3,300 |
| Shri Nareshbhai Kothari - Bhavnagar | 2,500 |
| Shri Sunilbhai Parikh - Bhavnagar | 2,500 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Manishbhai Dipinlal Rana - Ahmedabad | 1,100 |
| Shri Parasbhai Madhvjibhai Parmar - Bhavnagar | 1,000 |
| Shri Jaypalsinh Jilubha Gohil - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| Nisbat Foundation - Bhavnagar | 10,000 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 1,00,000 |
| Shri Vinodbhai N. Hakani - Bhavnagar | 1,500 |
| M/S. Apsara Plastics Pvt. Ltd - Mumbai | 2,00,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



અન્નદાન યોજના અંતર્ગત દિવ્યાંગ બાળકોને અનાજ કીટ વિતરણ



હાઈટેક સ્કૂલ દ્વારા બિનઉપયોગી વસ્તુઓનું એકત્રિકરણ

દિવ્યાંગ બાળકોને શ્રી મિનાક્ષીબેનના હસ્તે મોઝા વિતરણ





તળાજા રિસોર્સ સેન્ટર ખાતે દિવાળીની ઉજવણી



નેશનલ ટ્રસ્ટના ચેરપર્સન સાથે...



પ્લાસ્ટિક સર્જરી તપાસ...



'અંકુર' સંસ્થામાં શ્રી વિનુભાઈ હકાણી પ્રમુખ



'નેશન બિલ્ડર' એવોર્ડથી ડૉ. ભાવનાબેનનું સન્માન



નવરાત્રિ મહોત્સવ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 November - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

